3. શ્રીકૃષ્ણ ના વૈભવનું વર્ણન કરો.

જ) શ્રી કૃષ્ણ દ્વારકા નગરીના રાજ્યકર્તા છે. તેઓ રોજ ~~[illegible]~~ મહેલમાં ભવ્ય હિંડોળા ખાટ પર સૂતા છે. તેમની ફૂલ સેજ ઉમર સ્પર્શ થી ભરી છે. જેમાંથી ખુશ્બુ પ્રસરાણી અને શ્રીકૃષ્ણની વિવિધ પ્રકારે સેવાઓ કરી રહી છે. ચંદમૃદંગ ઉપંગ જેવા વાજિંત્રો વાગી રહ્યા છે. અનેક રાણીઓમાંથી મુગ્ધા, બાલકિશોરી, શ્યામ કમલી, હંસગામીની વગેરે નૃત્યકાર શ્રી કૃષ્ણ ને રિઝવે છે.

4. સુદામા અને શ્રીકૃષ્ણ ના મિલનનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

જ) શ્રીકૃષ્ણ સુદામાના આગમન ના સમાચાર સાંભળતા જ રાણીઓને તેમના જ પૂજન-સત્કારની તૈયારી કરવાનું કહી સામા દોડે છે. તેમની આંખોમાંથી શ્રાવણમા વરસાદ જેવા આંસુ સરી પડે છે. સુદામા ને જોતા જ શ્રીકૃષ્ણ તેમના ચરણ સ્પર્શ કરે છે. અને પછી બંને જણા પ્રેમપૂર્વક ભેટી પડે છે. બંને મિત્રોનું પ્રેમ-આલિંગન કેમે એરે છૂટી ગયું ન હતું. સુદામા શ્રી કૃષ્ણની આંખના આંસુ લૂછે છે. શ્રીકૃષ્ણ સુદામાના હાથમાંથી તુંબીપાત્ર ઉતાવળી ને લઈ લે છે અને કહે છે 'તમે આવીને મારા ગામને પાવન કર્યું છે. હવે મારું ધામ પાવન કરો.'

ના તોરણોયા ચોંટી લીધા છે તેની ઉપસ્થિતિ જ આનંદ, ઉલ્લાસ અને પ્રસન્નતા ફેલાવે છે. ભણે એ કઈ છે કે તમે પણ અહીં ઈશામાં દિલ ભરીને આવો. અહીં લાખેણી લાગણીઓ હંમેશા લહેરાય છે. આ વ્હાલભર્યો લ્હાવો મળ્યો છે તો તેને લૂંટી લો.

પ્રશ્ન-૫ (F) સવિસ્તાર લખો:-

૫. 'ગઈ અર્ધી વસતી' કવિએ શા માટે આમ કહ્યું છે?

જ: બા ને ત્રણ દિકરીઓ છે જેમાં મોટા ભાઈ નો પરિવાર ભર્યો-ભર્યો એટલે કે તેમની પત્ની અને બાળકો છે જ્યારે નાના બે ભાઈ હજી નવપરણીત છે. દિવાળીની રજાઓ પુરી થઈ જવાથી સવારે મોટા ભાઈ તેમની પત્ની અને બાળકો સાથે ધંધાર્થે રવાના થઈ જાય છે. આથી ઘરની અડધી વસ્તી ઓછી થઈ જાય છે એવું કવિ કહે છે.

૨. 'શરૂઆત કરીએ' કાવ્યમાં કવિ શું-શું કરવાનું કહે છે?

જ: કવિ કહે છે કે ભૂતકાળના ખરાબ સંસ્મરણોને ભૂલી જઈને આવનારી ખુશીઓની વાત કરી એક નવી શરૂઆત કરવાનું કહે છે અને હવે પછી દુઃખોથી ડર માનવાને બદલે હિંમતપૂર્વક દુઃખોનો સામનો કરવાનું કહે છે. બાહ્ય સ્વચ્છતા અને સુંદરતા ની જેમ જ આંતરિક સ્વચ્છતા - સુંદરતા વિકસાવવાનું કહે છે. પ્રત્યેક પરિસ્થિતિને અનુકૂળ બનાવીએ જીવનમાં જે મળ્યું છે તેને સવાયું બનાવી નવી પેઢીને સોગાદ તરીકે આપી તેમના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાનું કવિ કહે છે.

3. 'વળાવી બા આવી' કાવ્યમાં વૃદ્ધોના ભાગ્યમાં શું લખ્યું હતું?

જ. 'વળાવી બા આવી' કાવ્યમાં વૃદ્ધોના ભાગ્યમાં પોતાના સંતાનોની વિરહની વ્યથા લખાયેલી હતી. કારણ કે તેમનાં સંતાનો ધંધાના કારણે તેમનાથી દૂર જઈ વસ્યા હતા. આથી વૃદ્ધાવસ્થામાં તેમને પોતાના સંતાનોના વિયોગમાં એકલતાવાળું જીવન વિતાવવાનું હતું.

4. દુઃખો વિશે કવિ હર્ષ બ્રહ્મભટ્ટ શું કહે છે?

જ. દુઃખો તો દરેક મનુષ્યના જીવનમાં આવે અને જાય એ સહજ પ્રક્રિયા છે પરંતુ શું દરેક વખતે દુઃખોથી હારીને હતાશ થઈ જવું જોઈએ? આ સવાલ કરી કવિ પોતે જ જવાબ આપે છે કે ના આ વખતે તો દુઃખને જ હરાવી દેવું છે કવિ હિંમતપૂર્વક દુઃખોનો સામનો કરી દુઃખોને હરાવી દેવાનું કહે છે.

5. શ્રીકૃષ્ણને રીઝવતી સોળહજાર સ્ત્રીઓની ખાસિયત જણાવો.

જ. શ્રીકૃષ્ણને રીઝવતી ~~સ~~ સોળહજાર સ્ત્રીઓ અત્યંત નિપુણ છે. કોઈ સ્ત્રી હંસ જેવી મર્મયુક્ત ચાલ ચાલે છે. કોઈની ચાલ હાથી જેવી મદમસ્ત છે. તો કોઈની આંખો હરણ જેવી છે. તો કોઈ ચકોરી છે. કોઈ ચતુર સ્ત્રી નૃત્યકળામાં પ્રવીણ છે. કોઈ ગાંધર્વકળામાં તો કોઈ .

6. વિપત્તિ આવે ત્યારે શું કરવું જોઈએ? શા માટે?

જ. વિપત્તિ આવે ત્યારે મનુષ્યએ હતાશ કે નિરાશ થયા વગર પરિશ્રમ કરવો જોઈએ. કારણ કે મૂંઝાઈ જવાથી વિપત્તિ દૂર થતી નથી. પરંતુ પરિશ્રમ કરવાથી જ વિપત્તિ દૂર થઈ શકે છે

૧૭. ફૂલનો સ્વભાવ કેવો છે?
જ. ખીલવા અને ખરવાની પ્રક્રિયાની વચ્ચે ઝુલી લેવાનો સ્વભાવ ફૂલોનો છે.

૧૮. 'આવકારો' કાવ્યમાં કઈ વાત અભિવ્યક્ત કરવામાં આવી છે?
જ. 'આવકારો' કાવ્યમાં અતિથિ સત્કારની ભાવના અભિવ્યક્ત કરવામાં આવી છે.

૧૯. શાળામાંથી કવિને કઈ પ્રેરણા મળે છે?
જ. શાળામાંથી કવિને જીવનમાં સમરસતા, બંધુત્વ, ભાઈચારો કેળવવાની પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ ભાવના રાખવાની પ્રેરણા મળે છે.

પ્રશ્ન-૧ (E) બે-ત્રણ વાક્યોમાં લખો ઉત્તર

૧. ઘર શાંત કેમ થઈ ગયું હતું?
જ. બા ના ઘરે વેકેશન માં સંતાનો આવ્યા હોવાથી ઘોંઘાટ થઈ ગઈ હતી. પરંતુ રજાઓ પૂરી થતાં એક સવારે મોટાભાઈ તેમના પત્ની અને બાળકો રવાના થઈ ગયા છે. બાળકોના કારણે ઘર ભર્યુંભર્યું હતું. હવે ઘરની અર્ધા વસ્તી ઓછી થઈ ગઈ આથી ઘર શાંત થઈ ગયું.

૨. સંતાનોને વળાવી બા પગથિયાં પાસે કેમ બેસી ગયાં?
જ. દિવાળીની રજાઓ પૂરી થતાં ધંધાર્થે દૂર-દૂર વસતા સંતાનોને એક પછી એક વળાવી બા ઘરે આવે છે, ત્યારે સંતાનોના વિરહના દુઃખથી ભાંગી પડે છે. આથી વ્યથિત હૃદયે બા પગથિયા પાસે જ બેસી જાય છે.

૫૧. ક્ષત્રિયવટ અને વ્યવહારની રીત વચ્ચે શો ભેદ છે?
જ અહિત કરનાર પર પણ ઉપકાર કરી તેનું હિત કરે તે ક્ષત્રિયવટ છે, અને જેવા સાથે તેવા થવું એટલે કે સારા સાથે સારા અને ખરાબ સાથે ખરાબ તે વ્યવહાર ની રીત છે.

૫૨. દુઃખ આવી પડે ત્યારે કેવું વલણ અપનાવવું જોઈએ?
જ દુઃખ આવી પડે ત્યારે વલખાં મારવાને બદલે, નિરાશ થવાને બદલે, ધૈર્ય અને શાંતિથી પરિશ્રમ કરવો જોઈએ.

૫૩. ગુજરાતી ભાષામાં હાઈકુ ના પ્રણેતા કોણ છે?
જ ગુજરાતી ભાષામાં હાઈકુના પ્રણેતા 'ઝીણાભાઈ દેસાઈ સ્નેહરશ્મિ' છે.

૫૪. પોપટ ક્યાં બેઠો છે?
જ પોપટ વૃક્ષની ઝુકાયેલી ડાળ પર બેઠો છે.

૫૫. સ્નેહતણાં સાથિયાં ક્યાં અંભયા છે?
જ સ્નેહતણાં સાથિયા આંખમાં અંભયાં છે.

૫૬. મનુષ્યથી ભૂલ ક્યારે થઈ જાય છે?
જ નાનકડાં એવા આયુષ્યમાં મોટી-મોટી આશાઓ રાખવાના કારણે મનુષ્યથી ભૂલ થઈ જાય છે.

દેખાય છે તેવી જ અંદર થી પણ સ્વચ્છ અને સુંદર બનાવવાની શરૂઆત કરવાનું કહે છે.

6. દ્વારે સુદામા બ્રાહ્મણ આવ્યાના સમાચાર સાંભળી શ્રીકૃષ્ણ સુદામા વિશે શું કહે છે?

જ. દ્વારે સુદામા બ્રાહ્મણ આવ્યાના સમાચાર સાંભળી શ્રીકૃષ્ણ સુદામા વિશે કહે છે કે- "આ તો મારો બાળસ્નેહી સુદામો છે, મારા જેવા દુઃખિયાનો વિસામો છે."

7. કઈ રાણીને શ્રીકૃષ્ણ સૌથી વધારે વહાલી ગણશે?

જ. જે રાણી નીચે નમીને મિત્ર સુદામાના ચરણનો સ્પર્શ કરશે એ રાણીને શ્રીકૃષ્ણ સૌથી વધારે વહાલી ગણશે.

8. 'સુદામો દીઠો શ્રીકૃષ્ણદેવ રે!' આખ્યાનખંડમાં કયા-કયા ઋષિઓના નામોલ્લેખ થયા છે?

જ. 'સુદામો દીઠો શ્રીકૃષ્ણદેવ રે!' એ આખ્યાન ખંડમાં - નારદજી, દુર્વાસા, અગત્સ્ય, વિશ્વામિત્ર, વસિષ્ઠ, અત્રિ અને વામદેવનો નામોલ્લેખ થયો છે.

9. દેવતાઓ વિમાને ચડીને શું જોવા આવ્યા છે?

જ. દેવતાઓ વિમાને ચડીને - અશરણના શરણ એવા ભગવાન શ્રીકૃષ્ણના મિત્ર સુદામાના ચરણે પડ્યા છે તે લ્હાવો દેખવા જોવા આવ્યા છે.

10. શ્રીકૃષ્ણએ સુદામાનું સ્વાગત કઈ રીતે કર્યું?

જ. શ્રીકૃષ્ણએ સુદામાને પોતાની શય્યા પર બેસાડ્યા અને પોતે તેમને પંખા વડે હવા નાખવા લાગ્યા.

૮. પીળા રંગનાં પાનનાં તોરણ બાંધવામાં આવે છે. - [X]

૯. કમાડે લક્ષ્મીપગલાં દોર્યાં છે. [X]

૧૦. કવિ કહે છે સુખ આપણાં સરનામે આવશે. - [X]

પ્રશ્ન - ૧ (D) એક વાક્યમાં જવાબ આપો :

૧. 'વળાવી બા આવી' કાવ્યમાં માની કઈ વેદના રજૂ કરી છે?
જ. કાવ્યમાં વેકેશન પૂરું થતાં પોતાનાં બધાં સંતાનોને વળાવી પાછા ફરેલા 'બા' ની સંતાનોના વિરહની વેદના રજૂ કરી છે.

૨. વતનમાં કોણ - કોણ રહે છે?
જ. વતનમાં માત્ર વૃદ્ધ માતા - પિતા અને વિધવા કોઈ જ રહે છે.

3. દિવાળીની રજાઓમાં બાના ઘરની સ્થિતિ કેવી હતી?
જ. દિવાળીની રજાઓમાં બા ના ઘરમાં તેમના પુત્રો, પુત્ર વધુઓ તથા બાળકોના આનંદ - કિલ્લોલ થી ભર્યુંભર્યું વાતાવરણ હતું.

૫. કવિ કોને કોને રળિયાત કરવાનું કહે છે?
જ. કવિ આપણા ઘરને, ગામને, નગરને અને આખાં જગતને રળિયાત કરવાનું કહે છે.

5. કવિ પોતાની જાતને કેવી બનાવવાનું કહે છે?
જ. કવિ પોતાની જાતને જેવી બહાર થી સ્વચ્છ અને સુંદર

6. મુક્તકમાં લીલાં અને સૂકાં પાનના દૃષ્ટાંતથી કવિયત્રી ક્યો ભાવ પ્રગટ કરી છે?

જ. મુક્તકમાં લીલાં અને સૂકાં પાનનાં દૃષ્ટાંત થી નીચે મુજબ નો ભાવ પ્રગટ થાય છે. સૂકાં પાંદડા ખરી પોતાના અવાજથી આખ્યા વનને ગજવી દે છે અર્થાત્ પોતાની હાજરી નોંધાવવા દેખી અવાજ ઉત્પન્ન કરે છે. જ્યારે લીલાં પાંદડા શાંત હોય છે. નીર અભિમાની હોય છે. તેને પોતાના અસ્તિત્વ ને સાબિત કરવા શોર-બકોર નથી કરવો પડતો પરંતુ તે તેની સૌમ્યતા, મૃદુતા અને મહેક થી જ પરિચય આપી દે છે અને વૃક્ષની શોભા વધારે છે.

7. 'ફરતી પીંછી' હાઇકુમાં કવિ શું કહેવા માંગે છે?

જ. 'ફરતી પીંછી' હાઇકુમાં કવિ કહે છે કે – જ્યારે અંધકાર ની પીંછી ફરફરે છે ત્યારે તમામ વસ્તુઓને પોતાના કાળા રંગ માં રંગી દે છે. પરંતુ ઝગમગતા દીવો તેના કાળા રંગથી કદી રંગાતો નથી. અર્થાત્ અજ્ઞાનરૂપી અંધકાર માયા સ્વરૂપે અજ્ઞાનીઓને પોતાના અંકુશમાં લઈ લે છે. પરંતુ આ અંધકારની માયાની જ્ઞાનરૂપી પ્રકાશથી પ્રકાશતા મનુષ્યો પર કોઈ અસર થતી નથી.

૬. 'કમાડે ચીતર્યાં મેં.....' કાવ્યમાં કવિએ ઉંબરાને
કેવો કલ્પ્યો છે? શા માટે?

જ. 'કમાડે ચીતર્યાં મેં.....' કાવ્યમાં કવિએ ઉંબરાને
મરજાદી કલ્પ્યો છે. કારણ કે ઉંબરો ઘરની લાજ-મર્યાદા
રૂપ દીવાલ છે. ઘરની છાની વાત ઘરની બહાર ન
જાય, ઘરની લક્ષ્મી ઘરમાં પ્રવેશે પછી ઘરમાં જ રહે
તે બધી બાબતનું ધ્યાન ઉંબરો રાખે છે. ઘરની આન
મર્યાદા પ્રતિષ્ઠાનો પ્રતીક ઉંબરો છે.

૭. 'કમાડે ચીતર્યાં મેં.....' કાવ્યમાં કવિએ કમાડે શું-શું
ચીતર્યું છે? શા માટે?

જ. 'કમાડે ચીતર્યાં મેં.....' કાવ્યમાં કવિએ સાથિયા (શ્રીજી)
લખ્યું છે. કારણ કે આ શુભ અને માંગલિક ચિહ્ન છે
તેનાથી ઘરની અંદર પવિત્રતા પ્રવેશે છે. અને કુમકુમ
પગલાં દોરેલું - રાખેલું આ ઘરનામાં આવે જ છે અને
સર્વ કંઈ શુભ બને છે.

અસાઈન્મેન્ટ- ધોરણ-૮ /સાબર

પ્રશ્ન-૨ની [ક]

૪-૬ નિખિલરાય હંમેશાં અંજનને ટોકતા રહે છે, અને પોતાના ધાકમાં રાખે છે. તેઓ એને તેની મનગમતી પ્રવૃત્તિ કરવા દેતા નથી. તેઓ એની કુતૂહલવૃત્તિને દબાવી દે છે. અંજનનાં આંગળાં અને કપડાં પર ડાઘ જોઈને નિખિલરાય અંજનને થપ્પડ ચોડી દે છે અને નિખિલરાય અંજનને કહે છે, 'કેમ ? કોઈ રંગારાને ત્યાં નોકરી લીધી છે કે શું? આથી ડરને લીધે તેને તાવ આવી જાય છે. તેને રમવા દેતા નથી. તેનાં રમકડાં તેની પાસેથી લઈ લે છે. તેની માને પણ અપમાનિત કરે છે. અંજન કેવળ ભણે અને બીજું કાંઈ જ ન કરે, એવું તેઓ માને છે. બાળક સાથે આવું વર્તન કરવાથી બાળકનો વિકાસ રૂંધાઈ જાય છે. એ હંમેશાં ડરમાં જીવે છે. એ દૃષ્ટિએ જોતાં નિખિલરાયનું અંજન પ્રત્યેનું વર્તન બિલકુલ યોગ્ય નથી.

૪-૯ જાનીવાસમાં ...... ત્યારે હરિયાકાકાએ એક યુક્તિ અજમાવી — એમણે પોતાની બાજુમાં સૂતેલા એક જુવાનના વાંસા ઉપરનું પહેરણ ઊંચું કરીને પોતાની જીભ ફેરવી. જુવાનને એમ લાગ્યું કે કે વાંસામાં કૂતરું ફરી ગયું છે. એમને હેડકી ઊપડી હોય એમ તેઓ હ...હ...હ... કરવા લાગ્યા. આથી ગભરાઈને એ બહાર નીકળી ગયો. હરિયાકાકાની હેડકીનો અવાજ સાંભળી બીજો જુવાન પણ હળવેકથી ગોદડું ખસેડીને ઊભો થયો. ~~એણે અકુળાતી યુવાને કહ્યું કે હડકવા ઊપડ્યો હશે~~ માથે ગોદડાં નાખી ~~દઈએ~~ આમ ......